152

**સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ આપવા અંગેની યોજના.**

ગુજરાત સરકાર,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બકર-૧૧૭૮/૩૯૧૩૨-હ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૫મી જુલાઈ, ૧૯૭૮.

વંચાણમાં લીધા :- ૧. મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧-૪-૧૯૭૮નો ઠરાવ ક્રમાંક:બીસીઆર-૧૦૭૮/૧૩૭૩૪-હ.

૨. સમાજ કલ્યાણ નિયામકશ્રીનો તા.૨૩-૩-૧૯૭૮નો પત્ર ક્રમાંક:સક/યોજના-બક-૧૭૮૮.

::::::::

ઠ રા વ :- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગને તથા આર્થિક રીતે પછાતવર્ગને વિવિધ રાહતો/લાભો આપવા અંગેના હુકમો મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧-૪-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક:બીસીઆર-૧૦૭૮/૧૩૭૩૪-હ, અન્વયે કરવામાં આવ્યા છે. તે મુજબ, ઉપરોક્ત વર્ગના વિદ્યાર્થીઓને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈ.ટી.આઈ.)માં તાલીમ મેળવવા માટે વૃત્તિકા (સ્ટાઇપેન્ડ) આપવામાં આવશે. આથી આ ઠરાવ સાથેના જોડાણમાં જણાવ્યા મુજબ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ મેળવવા માટે, વૃત્તિકા આપવા માટે રૂ. ૨, ૨૭, ૫૦૦/- (રુપિયા બે લાખ, સત્તાવીસ હજાર અને પાંચસો પૂરા) તથા આર્થિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને આ અંગેની વૃત્તિકા આપવા માટે રૂ.૪, ૨૨, ૫૦૦/- (રુપિયા ચાર લાખ, બાવીસ હજાર અને પાંચસો પૂરા) ના ખર્ચની યોજનાને મંજૂરી આપવામાં આવે છે. આ યોજનાનો અમલ સમાજ કલ્યાણ અધિકારીઓ (રાજ્ય)મારફત થશે. ૧૯૭૮-૭૯ ના વર્ષ દરમ્યાન આ યોજનાનો અમલ કરવા માટે જરુરી પગલાં સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદે લેવાં.

૨. ઉપરોક્ત રૂ.૨, ૨૭, ૫૦૦/- નો ખર્ચ અંદાજપત્રના સદર "૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-જ-બીજી સામાજીક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ - (ક) બીજા કાર્યક્રમો-એસ.સી.ડબલ્યુ.-૨૨-સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે શિક્ષણ યોજના" અને રૂ. ૪, ૨૨, ૫૦૦/- નો ખર્ચ સદર "૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-ચ-બીજી સામાજીક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમો (ક) - બીજા કાર્યક્રમો-એસ.સી.ડબલ્યુ.-૨૨. સમાયોજીત આર્થિક રીતે પછાતવર્ગના બાળકો માટે શિક્ષણ યોજના" બન્ને ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવો.

...૨...

૩. આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રીની તા.૧૨-૬-૧૯૭૮ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુ.મુ.બક્ષી
સેક્શન અધિકારી,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
મંત્રીશ્રી (હરિજન કલ્યાણ)ના અંગત સચિવશ્રી,
સંસદીય સચિવશ્રી (હરિજન કલ્યાણ)ના અંગત મદદનીશશ્રી,
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, સેક્ટર-૧૬, ગાંધીનગર,
નિયામકશ્રી, તાંત્રિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
X ડાયરેક્ટર જનરલશ્રી, પછાતવર્ગ કલ્યાણ, ભારત સરકાર, ગૃહમંત્રાલય, શાસ્ત્રી ભવન, નવી દિલ્હી-૧,
X અનુસૂચિત જાતિ/જનજાતિ માટેના કમિશ્નરશ્રી, આર.કે.પુરમ, નવી દિલ્હી-૨૨,
X વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ, ૮, મીલ અધિકારીઓની કોલોની, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯,
બધા સમાજ કલ્યાણ અધિકારીઓ, (રાજ્ય),
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ,
પગાર અને હિસાબ અધિકારી, અમદાવાદ,
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ,
નાણાં શાખા, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
"બ" શાખા, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
"મ" શાખા, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
"ઘ" શાખા, શિક્ષણ વિભાગ,
સિલેક્ટ ફાઇલ.

---

X પત્ર દ્વારા.

-::- ૦ ૦ ૦ ૦ ૦ -::-

પાગી.૪-૭.
૬૫૬૮-૩૫૦.

મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૫-૭-૧૯૭૮ના ઠરાવ ક્રમાંક:બકર/૧૦૭૮/૩૯૧૩૨-હ, સાથેનું જોડાણ.

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ આપવા અંગેની યોજના.

---

ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ.) તરફથી પસંદ કરવામાં આવેલા તાલીમાર્થીઓને માસિક રૂ.૪૦/- (રૂ. ચાલીસ પૂરા) ની વૃત્તિકા (સ્ટાઇપેન્ડ) આપવામાં આવે છે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગોના જે તાલીમાર્થીઓને આ અંગેની તાલીમ મેળવવા માટે આવી રૂ.૪૦/- ની વૃત્તિકા ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તરફથી આપવામાં આવશે, તેઓને સમાજ કલ્યાણ ખાતા તરફથી રૂ.૨૫/- ની વધારાની માસિક વૃત્તિકા આપવામાં આવશે. ઉપરોક્ત પછાતવર્ગોના તાલીમાર્થીઓને, જેઓને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તરફથી રૂ.૪૦/- ની માસિક વૃત્તિકા મળશે નહિ તેઓને, સમાજ કલ્યાણ ખાતા તરફથી રૂ.૬૫/- ની માસિક વૃત્તિકા આપવામાં આવશે. ટૂંકમાં, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગોના તાલીમાર્થીઓને કુલ રૂ.૬૫/- ની માસિક વૃત્તિકા ઉપર જણાવ્યા પ્રમાણે મળશે.

| ખર્ચનો અંદાજ :- | | અંદાજે ખર્ચ |
|---|---|---|
| | | રૂ. |
| ૧. | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના તાલીમાર્થીઓની સંખ્યા અંદાજે - ૩૫૦. | ૨,૨૭,૫૦૦/- |
| ૨. | આર્થિક રીતે પછાતવર્ગોના તાલીમાર્થીઓની સંખ્યા અંદાજે - ૬૫૦. | ૪,૨૨,૫૦૦/- |
| | અંદાજે કુલ ખર્ચ રૂ. | ૬,૫૦,૦૦૦/- |

-::- ooooooo -::-

પાજી.૪-૭.
૬૫૩૮-૩૫૦.